જીલ્લા/તાલુકા પંચાયત હસ્તકના કેળવણી નિરીક્ષક(એડીઆઈ)
ના કાયમી પ્રવાસ ભથ્થાના દર સુધારવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક-પીઆરઈ-૧૧૨૦૦૦-૧૭૨૮/ક
સચિવાલય,ગાંધીનગર.
તા-૨૨/૫/૨૦૧૫

વંચાણમાં લીધા:-

૧ .શિક્ષણ વિભાગનો તારીખ-૧૬/૫/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક-પીઆરઈ-૧૧૨૦૦૦-૧૭૨૮/ક
૨. શિક્ષણ વિભાગનો તારીખ-૧૮/૬/૨૦૦૧નો ઠરાવ,ક્રમાંક-પીઆરઈ-૧૧૨૦૦૦-૧૭૨૮/ક
૩. ના.વિ.નો તારીખ-૨૬/૯/૨૦૦૦ નો પરિપત્ર મશભ-૧૪૨૦૦૦-૧૮૦૯/ચ તથા તારીખ-૧૬/૬/૮૯.રિપત્ર ક્રમાંક-એમએસબી-૧૪૮૯-૪૨૯/જે
૪. ના.વિ. ના તારીખ-૧૬/૧૨-૨૦૦૪ ના પરિપત્ર-ક્રમાંક-મસભ-૧૪૨૦૦૪-૧૦૩૩-ચ
૫. શિક્ષણ વિભાગનો તા. ૨૨/૧/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક-પીઆરઈ-૧૧૨૦૦૦/૧૭૨૮/ક

આમુખ-

જીલ્લા/તાલુકા પંચાયત શિક્ષણ સમિતીના કેળવણી નિરિક્ષકોના કાયમી મુસાફરી ભથ્થાના દર (પીટીએ) આ વિભાગના તારીખ- **૩૧/૧૨-૧૯૮૯** ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ ત્યારબાદ વખતો વખત નાણાં વિભાગના ઠરાવથી નિયત દરમાં સુધારો થયેલ.ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) **નિયમો-૧૯૯૮** ને અનુલક્ષીને સુધારવામાં આવેલ દૈનીક ભથ્થાના દરોને અનુલક્ષીને નાણાં વિભાગના વંચાણમાં લીધેલ ક્રમ-૪ અન્વયે જીલ્લા/તાલુકા પંચાયતના શિક્ષણ સમિતીના કેળવણી નિરીક્ષક (એડીઆઈ) ના કાયમી મુસાફરી ભથ્થાના દરોમાં સુધારણા કરવાની બાબત સરકારશ્રી ની સક્રીય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

સરકારશ્રી ની પુખ્ત વિચારણાને અંતે જીલ્લા/તાલુકા પંચાયત શિક્ષણ સમિતી હસ્તક ના કેળવણી નિરીક્ષક (એડીઆઈ) ને વંચાણમાં લીધેલ ક્રમાંક-**(૧) (૨) અને (૫)** થી નક્કી કરાયેલ શરતોને આધિન **માસિક રૂ/-૧૨૫૦** નક્કી કરેલ હતુ. જેમાં સુધારો કરી તા-**૧/૬/૨૦૧૫ થી માસીક રૂ/૩૧૧૪-(ત્રણ હજાર એકસો ચઉદ પુરા )**કાયમી મુસાફરી ભથ્થુ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨ જીલ્લા/તાલુકા પંચાયત શિક્ષણ સમિતીના કેળવણી નિરિક્ષકોના કાયમી મુસાફરી ભથ્થુ મંજુર કરવા અંગેની અન્ય શરતો **અત્રેના તા-૧૬/૫/૨૦૦૧ તા.૧૮/૬/૨૦૦૧ તથા તા.૨૨/૧/૨૦૧૦** ના ઠરાવમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે.

પાછળ......

૩. આ સુધારેલ કાયમી મુસાફરી ભથ્થાના દરો નાણાં વિભાગના **તા-૨૬/૯/૨૦૦૦** નાપરિપત્ર મુજબ નાણાં વિભાગની ચકાસણીને આધિન રહેશે. આ હુકમમાં દર્શાવેલ રકમમાં નાણાં વિભાગ તરફથી સુધારા વધારા થાય તો તે મુજબના વધારાની ચુકવાયેલ રકમ પરત વસુલ લેવાપાત્ર રહેશે.

૪. આ હુકમો નાણાં વિભાગના **તા- ૨૬/૯/૨૦૦૦** ના પરિપત્ર ક્રમાંક-**મસભ-૧૪૨૦૦૦-૧૮૦૯-ચ** અન્વયે વહીવટી વિભાગને એનાયત થયેલ સત્તાની રૂએ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(અશોક પટેલ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી., ગુજરાત રાજ્ય ગાંધીનગર
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ ( પ્રા.શિ નિયામકશ્રી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ ( પ્રા.શિ નિયામકશ્રી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા